## હિંમતનું પરિણામ



કેતનના પિતા પ્રાઈવેટ કંપનીમાં કલાર્ક તરીકે નોકરી કરતા હતા. એક દિવસ કમનસીબે રવિવારના દિવસે કેતનના પિતાનું માર્ગ અકસ્માતમાં દુ:ખદ અવસાન થયું. કેતન પર જાણે દુ:ખના ડુંગર તૂટી પડ્યા. તેના જીવનમાં હતાશા અને નિરાશા છવાતાં તે વધુને વધુ દુ:ખી થવા લાગ્યો. હવે શું કરવું ? કેતન ૧૨મા ધોરણનો અભ્યાસ કરી છોડી દીધો. કેતનના પિતાની કંપનીનો સ્ટાફ કેતનને મળવા આવ્યો. પણ સૌ દિલાસો અને સહાનુભૂતિ આપીને જતા રહ્યાં. કેતનના સગાસંબધીઓ પણ સ્વાર્થી હોવાથી આશ્વાસનના બે શબ્દો કહીને જતા રહ્યાં. કેતનની મમ્મી તો ભાંગી પડી તે ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડતી. કેતને હવે નોકરી મેળવવા પ્રયત્નો કર્યા, પણ કેતનને નોકરી ન મળતાં તેના પર દુ:ખના વાદળ છવાયાં. હવે મકાન ભાડું, ઘરખર્ચના રૂપિયા કયાંથી લાવવા ? તેની ચિંતામાં તે ઉદાસ રહેવા લાગ્યો.

એક દિવસ કેતન કબાટ ખોલીને તેના પિતાની મકાન, વીમા, બચત ખાતાની પાસબુક વગેરે ફાઈલો જોઈ રહ્યો હતો. તેવામાં તેના હાથમાં બેંકની એક પાસબુક આવી જેમાં તેના પિતાના રૂ. ૩૦,૦૦૦/- જમા હતા. હવે કેતનના મનમાં હિંમત આવી તે પોતાના પિતાના અવસાનનું પ્રમાણપત્ર લઈને બેંકમાં પહોંચી ગયો. બેંકના મેનેજરની સલાહ પ્રમાણે તેણે બેંકની તમામ ફોર્મ ભરવાની સાક્ષીની સહી લેવાની, પાસપોર્ટ સાઈઝના ફોટા આપવાની તેમજ અવસાનના પ્રમાણપત્રની નકલ આપવાની તમામ જવાબદારી પૂર્ણ કરતાં તેને લગભગ ત્રણ દિવસ બાદ વ્યાજ સાથે રૂ. ૪૦,૦૦૦/- બેંકમાંથી મળ્યા. હવે તેનામાં જોશ અને જોમ આવતાં તે ખુશ થયો. તેણે સંપૂર્ણ વાત તેની મમ્મીને કહી, તેની મમ્મી પણ પ્રસન્ન થઈ અને કહ્યું, બેટા હવે એક કામ કર. મારા માટે સિલાઈ મશીન ખરીદી લે. હું ઘરમાં સિલાઈકામ કરીશ સાથે સાથે બાકીના રૂપિયામાંથી તું ડ્રેસનું કાપડ, પેન્ટપીસ, શર્ટપીસ વગેરે ખરીદીને લાવ, હું ઘરમાં સિલાઈ કામ કરીશ અને તું પેન્ટપીસ અને શર્ટપીસનું દરેક

સોસાયટીમઅં જઈને વેચાણ કરજે. હવે આપણે ચિંતા કરવાની નથી પણ હિંમત, મહેનત અને ધીરજ રાખીને કમાવવું પડશે.

બીજા દિવસે કેતન સિલાઈ મશીન, પેન્ટપીસ વગેરે લાવ્યો. સોસાયટીમાં સાયકલ પર જઈને પેન્ટ વગેરેનું સારૂં વેચાણ કરતો. કેતનની મમ્મી પણ સિલાઈકામ કરતી. થોડા મહિના બાદ તેઓ પૈસે ટકે સુખી થયા. ઉત્સાહ અને ઉંમગથી સ્વતંત્ર વેપાર કરવાથી કેતનને સંપૂર્ણ સંતોષ થયો. ઘરખર્ચ ઉપરાંત દર મહિને તે રૂ. ૨૦૦૦/- બેંકમાં મૂકતો. સમય જતાં તે ખૂબ સુખી થયો. કેતન દરરોજ માતાના ચરણસ્પર્શ કરીને કામ પર જતો. કેતન તેની મમ્મીના આશિર્વાદથી પ્રગતિ કરવા લાગ્યો. માત્ર રૂ. ૩૦,૦૦૦/-ની મૂડીમાંથી તે મહેનતથી આગળ આવ્યો. તે પિતાની તસ્વીર જોતો તેની આંખોમાં આંસુ આવી જતાં. પિતા જાણે તેને આશિર્વાદ આપતા હોય તેવો તેને અહેસાસ થતો.

બાળ મિત્રો, દુ:ખના સમયે હિંમત ન હારતાં સમજદારી રાખીને મહેનત કરવાથી અવશ્ય જીવનમાં ખુશાલીનું આગમન થાય છે.

લેખક : સતીશ ભુરાની